

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચડે છે કેફ સત્તાનો, પરાજય ભય નડે છે -*
*જીભ થાકીને થોથવાય, હવે હાથ ઉપડે છે,*
*રડે લોકશાહી, અને સંહિતા સડે છે પોથીમાં -*
*નેતાઓ નહીં, ચૂંટણી હવે, જંગલીઓ લડે છે...*

હાઈકુ

*બેઠા છે બધા !*
*ઉમેદવાર - નેતા -*
*છેલ્લે પાટલે !!*

*આપણી પ્રજા -*
*શું, સૌજન્યશીલ ને*
*પાટક નથી ?!*

### ચિંતન

**આત્માભાસં તતો બુદ્ધિર્બુધયાભાસં તતો મનઃ ।**
**અક્ષાતિ મનઆભાસાન્યક્ષાભાસમિદં વપુઃ ॥**

**ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત - સિદ્ધાંત - સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.'**

**એ રીતે બુદ્ધિ અનાત્મા છે છતાં તેમાં આત્માને અધ્યાસ થાય છે. તેથી આત્માના આભાસવાળી બુદ્ધિ જણાય છે. અને તેથી જ બુદ્ધિના આભાસવાળુ મન જણાય છે, મનના આભાસવાળી ઈંદ્રિયો જણાય છે અને આ ઈંદ્રિયોના આભાસવાળું શરીર જણાય છે.**

**બુદ્ધિ વિચાર અને વાચનનું પરિણામ એ છે આત્મા નથી પણ એ ધારે તો આત્માને મદદરુપ થઈ શકે છે. કારણ કે બુદ્ધિ જ મનને પ્રેરણા આપે છે. (સારી કે ખરાબ) અને એ મન વિચારની અસર ઈન્દ્રિયો પર પડે છે. (સારી કે ખરાબ) અને તેનું પરિણામ આચરણ - વર્તન છે.**

### સુવિચાર

- કોઈને 'ખોટું' કહ્યું, તે પોતાના આત્મા ઉપર ધૂળ નાખ્યા બરાબર છે - **ધર્મલોક**
- મહેનતનું ફળ સંસાર અને સમજણનું ફળ મોક્ષ - **દાદા ભગવાન**
- આ ડૉકટરી પુસ્તકો જાડાં જાડાં હોય છે તે સામાન્ય જનને શું કામનાં. કોઈ પસ્તીમાં પણ ના લે. જયારે ખરી કિંમત જ 'ડૉકટર' કરે, આ જ્ઞાનના પુસ્તકો એવાં જ છે - **આપ્તસૂત્ર**
- મૂર્ખ શોભે છે ટાપટીપથી, પણ એ ત્યાં સુધી જ શોભે છે, કે જયાં સુધી એ બોલતો નથી - **કચ્છી કહેવત**
- એક લેખક તરીકે મારી પહેલી અને અંતિમ ઈચ્છા એ છે કે મારી સર્જનાત્મકતા મારું પેટ ભરવાનું ભોજન બને નહીં, શરીરનો રાજા 'મસ્તક' મારા પેટનો ગુલામ બને નહીં - **વિજયસિંહ ઠાકુર**
- રાત્રિના પ્રથમ પ્રહરમાં બધાં જાગે છે, રાત્રિના બીજા પ્રહરમાં ભોગી જાગે છે. રાત્રિના ત્રીજા પ્રહરમાં ચોર ચાગે છે, રાત્રિના ચોથા પ્રહરમાં યોગી જાગે છે - **હરિભાઈ કોઠારી**
- આજનું ઔષધ : ટીબીમાં ગિલોયના પાનનો રસ દિવસમાં ત્રણ વાર દસ મિ.લી. જેટલો પીવાથી રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈમાન અબૂ હતીફા તેમની સરળતા અને ખુદાના નેકબંદા માટે જાણીતા હતા. એમના શિષ્યે એમને એકવાર પ્રશ્ન કર્યો.

'બુદ્ધિશાળી માનવીની ઓળખ કઈ ?'

ઈમાન સાહેબે કહ્યું, 'જે ભલાઈ અને બુરાઈ વચ્ચેનો ભેદ પારખી શકે.'

શિષ્યે કહ્યું, 'એવી સમજ તો જાનવરોમાં પણ હોય છે. જે તેમની સાથે પ્રેમાળ વર્તન કરે છે તેમને તે કદી ઈજા પહોંચાડતા નથી.'

ઈમાને કહ્યું, 'જાનવર પણ માનવી જેટલા જ અકલમંદ હોય છે.'

શિષ્યે કહ્યું, 'તો પછી આપની દૃષ્ટિએ અકલમંદ માનવીની ઓળખ કેવી રીતે કરવી ?'

ઈમામે કહ્યું, જે માનવી બે ભલાઈઓમાંથી ઉત્તમ ભલાઈનો અમલ કરે અને બે બૂરાઈઓમાંથી ઓછી બૂરાઈ પર ચાલે તે અકલમંદ માનવી છે.'

શિષ્યને અકલમંદ માનવીની વ્યાખ્યા સમજાઈ.

# ઉત્સાહની ઓછપ વચ્ચે હેમખેમ મતદાન

તંત્રીસ્થાનેથી...

લોકશાહીનું મહાપર્વ એટલે મતદાનનું પર્વ. સમગ્ર રાજયમાં મતદાનપર્વ સુખરૂપ સંપન્ન થયું. વહેલી સવારથી મતદાન માટેનો ઉમળકો મતદારો કરતાં કાર્યકરોમાં વધારે વર્તાતો હતો અને તે સ્વાભાવિક છે. રાજકીય પક્ષો પોતપોતાના સમર્થનવાળા વિસ્તારોમાં મતદાન વધારે થાય એ માટે એડીચોટીનું જોર લગાવે તે સ્વાભાવિક પરંપરા છે. ગુજરાતની ૨૬ બેઠકો ઉપર કેટલું મતદાન થશે તેના અનુમાનો ઘણાં સમયથી રાજકીય ગલીયારીઓમાં થતાં હતા. 'કોણ સાચું પડ્યું કોણ ખોટું પડ્યું' એ વિવાદ કરતાં મતદારો સાચા પડી રહ્યા છે એનો સંવાદ સાધવો જોઈએ.

રાજયમાં સવારે મતદાનનો જે પ્રવાહ વર્તાતો હતો તે બપોરે ઘટી ગયો પરંતુ સાંજે થોડોક ઉમેરાયો. એક તબક્કે તો ગરમીનો પારો અને મતદાનનો પારો લગોલગ ચાલતા હતા. ૪૨-૪૩ ડિગ્રી તાપમાનમાં મતદાન પણ ૪૨-૪૩ ટકા નોંધાયું હતું. આ એક સંયોગ હતો પરંતુ આકરી ગરમીની અસર મતદાન ઉપર પડી જ છે. જે બપોરે ૧૨ થી ૪ ના મતદાનના આંકડા સ્પષ્ટ રીતે દર્શાવે છે.

હજુ અધિકૃત આંકડાઓ આવતાં તો કલાકો વીતી જશે, પરંતુ જે ટ્રેન્ડ છે તે ઉપરથી એવું કહી શકાય કે ૨૦૧૪ જેવો મતદાનનો માહોલ નથી. ગઈ ચૂંટણીમાં ગુજરાતના મતદારોનો કંઈક અલગ જ મિજાજ હતો. નોંધનીય બાબત એ પણ છે કે શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારના આ ચૂંટણીમાં મતદાન આક્રમકતાથી થયું છે. અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવી શહેરી બેઠકો પર સામાન્ય કરતાં ઓછું મતદાન નોંધાયું છે. જયારે ભરૂચ, દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી અને નવસારી જેવી બેઠકો ઉપર મતદાન વધુ નોંધાયું છે. વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો કચ્છ-સૌરાષ્ટ્રની બેઠકો ઉપર સામાન્ય કરતાં ઓછું મતદાન નોંધાયું છે. જયારે દક્ષિણ ગુજરાતમાં અને ખાસ કરીને આદિવાસી બેઠકો ઉપર નોંધનીય મતદાન થયું છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મતદાનની ટકાવારી સામાન્ય રહી છે. એટલે પરિણામના વિશ્લેષણ ખૂબ જ રસપ્રદ બનશે તેવી આગાહી ચોક્કસ કરી શકાશે. શિક્ષિત અને શહેરી વિસ્તારમાં ઓછું મતદાન ચિંતાનો વિષય છે. જયારે અંતરિયાળ - આદિવાસી વિસ્તારમાં આક્રમક મતદાન અભિનંદનીય છે.

પ્રાથમિક અંદાજો મુજબ રાજયનું મતદાન ૬૦ થી ૬૧ ટકા રહ્યું છે ત્યારે રાજકીય પંડિતો માટે વિશ્લેષણ અઘરું બનતું જાય છે. કોના તરફી કેટલું મતદાન થયું તે લોકસભા વિસ્તાર માટે કહેવું અને કરવું મુશ્કેલ છે પરંતુ ગુજરાતની પરિપક્વતા પરિણામમાં દેખાશે એમ સ્પષ્ટ અનુભવાય છે. ગુજરાતની સાથે સાથે દેશભરમાં ત્રીજા તબક્કામાં ૧૧૬ બેઠકોનું મતદાન પણ સંપન્ન થયું છે. શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલા મતદાનથી દેશની લોકશાહી વધુ મજબૂત બનશે. દેશમાં ૬૦ ટકાથી વધુ બેઠકો ઉપર ચૂંટણીની પ્રક્રિયા સંપન્ન થઈ છે. આગામી દિવસોમાં બાકીની ૨૪૦ થી વધુ બેઠકોમાં મતદાન યોજાશે અને ૨૩મી મે એ એવીએમ મતદારોના મનની વાત વાંચશે. આગામી પાંચ વર્ષ કયો પક્ષ રાજય કરશે તે સ્પષ્ટ થશે. ઈચ્છીએ અને પ્રાર્થીએ કે ૨૩મીએ પ્રજા સ્પષ્ટ જનાદેશ આપે.

# અરે ! આસ્થાનો આ તે કેવો વેપલો...



નવાં કલેવર

નટવર હેડાઉ

શેઠ ધર્માનંદ સંધ્યાની આરતી કર્યા બાદ ધ્યાન ધરી મંત્ર પઠન કરવા લાગ્યા. લગભગ અડદો કલાક સુધી આ ઉપક્રમ ચાલ્યો. 'ઓમ નમઃ ભગવતો વાસુદેવાય' મંત્રાનું રટણ કરતા રસોડામાં ગયા અનો પત્ની કર્મવતીનો કહ્યું, 'કર્મા, જમવાનું બની ગયું હોય તો પીરસી દે, મારે આજે કામ ઘણું છે. તારી મદદ લેવી પડશે. તું પણ જલ્દી નવરી થઈ જા.'

કર્મવતીએ પતિની આજ્ઞાનું પાલન કર્યું. અનો ઝટપટ જમવાનું પતાવી, રસોડાની સાફસફાઈ કરી પતિની પાસો પહોંચી ગઈ. શેઠ ધર્માનંદ હિસાબ-કિતાબમાં મશગુલ હતા. પત્નીના પગરવથી એ ચોંકી ગયા.

તોમણે પત્નીનો કહ્યું આ નોટબુક અનો પોન લે, હું જે રકમ બોલતો જાઉં તો લખતી જા અનો તોનો સરવાળો કરી મનો કહોજે.

કર્મવતી એણ કરવા લાગી. રકમનો સરવાળો કરતાં કરતાં એક લાખ પચાસ હજાર પર અટકી અનો બોલી. 'સ્વામી, આટલી બધી કમાણી એક દિવસમાં કઈ રીતો થઈ ?'

શેઠ ધર્માનંદે કહ્યું, 'અરે વ્હાલી, આ કલા તોં જ મનો શીખવાડી છે, નો તનો ખબર નથી ? હું તો બિલકુલ નાસ્તિક હતો. તું મનો રોજ ભગવાનમાં આસ્થા રાખવાનું કહેતી હતી. તારી આસ્થાની વાતો સાંભળી સાંભળીનો હું કંટાળી ગયો હતો. છેવટે મનો એક દિવસ એમ થયું કે મારે પણ તારા આરાધ્ય દેવ કૃષ્ણ કનૈયામાં આસ્થા રાખવી જોઈએ. તોથી હું તારી સાથે મંદિરે આવવા લાગ્યો. મનો કૃષ્ણની મનમોહક મૂર્તિમાં રસ પડ્યો. તનો એમ થયું કે હું હવે ભગવાનમાં માનવા લાગ્યો છું. ખુબ શ્રધ્ધાળુ થઈ ગયો છું.' હું તનો મથુરા - વૃંદાવન લઈ ગયો. ગોકુળની ગલીઓમાં મંદિરો મંદિરે આપણે ફર્યા. રાજસ્થાનના ચિત્તોડથી લઈનો દક્ષિણ ભારનતા તિરુપતિ બાલાજી અનો ઉત્તરાખંડના બદ્રીનાથ સુધીના કોઈ મંદિરે આપણે બાકી રાખ્યા નહીં. પણ હું રહ્યો પાક્કો ગુજરાતી વેપારી, શ્રદ્ધાનો કઈ રીતો વટાવવી એમાં મનો કોઈ ન પહોંચે. દેશના ખૂણે ખૂણે આવેલ કૃષ્ણ મંદિરોની અવનવી અંગભંગીમાઓ વાળી પ્રતિમાઓની મેં તસ્વીરો ખેંચી અનો મોટાપાયે મૂર્તિઓ બનાવવાનું શરૂ કર્યું. તોમાંથી આ રકમ મળી છે.

'પણ, લાકડાં કે આરસની મૂર્તિમાંથી આટલી કમાણી કરી રીતો થઈ શકે ?' કર્મવતીએ પ્રશ્ન કર્યો.

'અરે ગાંડી, તું બહુ ભોળી છે. મેં લાકડાં કે આરસ પથ્થરની મૂર્તિઓ બનાવવાનું શરૂ નથી કર્યું. આપણે ધાતુની મૂર્તિઓનો ધંધો શરૂ કર્યો છે. ધાતુની એ મૂર્તિઓમાં ભરીનો વિદેશીઓનો ગાંજો અનો ચરસ વેચું છું. તનો કયાંથી ખબર હોય આજકાલ વિદેશીઓમાં વ્યસનોનું પ્રમાણ કેટલું વધી ગયું છે. તો લોકો ચરસ-ગાંજો ચોકલેટની જેમ ખાય છે. તોના બદલામાં મોં માગી રકમ આપો છે. એ રીતો મેં તારી આસ્થા પ્રત્યે વિશ્વાસ કેળવી લીધો છે અનો મારો ધંધો સારો એવો જમાવી દીધો છે.'

કર્મવતીનો કંઈ સમજાતું ન હતું તો ધર્માનંદ તરફ એક નજરે જોઈ રહી. 'અરે ! આસ્થાનો આ તો કેવો વેપલો.'

# જિદ્દ કરનાર વ્યક્તિએ પોતાની જિદ્દના બદલામાં દંડ જ ભરવો પડતો હોય છે



આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

હિન્દી ફિલ્મ ઉદ્યોગના એક પ્રસિધ્ધ લેખક, અભિનેતા, નિર્માતા અને દિગ્દર્શક. તેમની સાથે વ્યક્તિગત સંબંધ ધરાવનાર પત્રકારો અને તેમની સાથે કામ કરનારા લોકોનો એવો અભિપ્રાય કે એ અભિનેતાએ ઘણી બધી અભિનેત્રીઓ સાથે નાયક તરીકે અભિનય કર્યો પણ તેમનો એક સિધ્ધાંત હતો કે કોઈ જ ફિલ્મમાં પોતાની સાથે અભિનય કરતી અભિનેત્રીને શક્ય હોય ત્યાં સુધી સ્પર્શ ના કરવો. ફિલ્મની જરૂરિયાત પ્રમાણે પ્રેમના દ્રશ્યો કે ગીતો હોય તો પણ શક્ય હોય ત્યાં સુધી તેઓ એવા દ્રશ્યોમાં પણ અભિનેત્રીને સ્પર્શ કરવાનું ટાળતા.

એ જ અભિનેતા સાથે કેટલીક સફળ ફિલ્મોમાં અભિનય કરનાર એક વિખ્યાત અભિનેત્રીએ એક ઈન્ટરવ્યૂમાં એ અભિનેતા વિષે વાતચીત કરતાં એક રસપ્રદ માહિતી આપી હતી. એ માહિતી પ્રમાણે એ અભિનેતા પોતાની પત્નિથી ખૂબ ડરતા. એ અભિનેતા હંમેશા પોતાની પત્નિ સામે એવું સાબિત કરવા માંગતા કે પોતે ખૂબ જ સંયમી છે, ચારિત્ર્યવાન છે, પોતે પોતાની પત્નિ સિવાય બીજી કોઈ જ સ્ત્રી પ્રત્યે આકર્ષણ પણ નથી રાખતા અને પોતાની પત્નિને ખૂબ જ વફાદાર છે. એ જ કારણથી તેઓ અભિનેત્રીઓને ફિલ્મમાં સ્પર્શ કરવાનું પણ ટાળતા.

એ અભિનેતાએ નિર્માતા-દિગ્દર્શક તરીકે ઘણીબધી સફળ ફિલ્મો આપી પણ તેમના જીવનમાં એક એવો સમયગાળો આવ્યો કે તેમની ફિલ્મો એક પછી એક નિષ્ફળ જવા લાગી. પોતાની ફિલ્મો નિષ્ફળ જવાને કારણે તેમને ઘણું બધું આર્થિક નુકશાન વેઠવું પડ્યું અને નવી ફિલ્મોનું નિર્માણ કરવાની પણ હોશ ના રહી.

ફિલ્મોની સતત નિષ્ફળતા અને આર્થિક નુકશાનને કારણે તેઓ માનસિક રીતે ભાંગી ગયા. તેઓ ખૂબ જ હતાશ થઈ ગયા. પોતાના ગમ અને દુઃખને ભૂલવા માટે, પોતે ચારિત્ર્યના નખશિખ શુધ્ધ હોવા છતાં શરાબનાં રવાડે ચડી ગયા. તેઓને શરાબની એટલી બધી લત લાગી ગઈ કે તેઓ ચોવીસ કલાક પીવા લાગ્યા. ચોવીસ કલાકમાં તેઓ ક્યારે નશામાં હોય અને ક્યારે નશામાં ના હોય એ જ કહેવું મુશ્કેલ બની ગયું.

ગમ અને શોકથી પીડાતા એ અભિનેતાને શરાબની લત લાગી ગઈ એ વાત પણ તેમની પત્નિને પસંદ ન આવી. પત્નિએ એ અભિનેતાની શરાબની આદત છોડાવવા માટે ખૂબ જ વિનંતિઓ કરી, કાલાવાલા કર્યા અને ક્યારેક ધમપછાડા પણ કર્યા પણ એ અભિનેતા ટસ ના મસ ના થયા. પોતાનો પતિ જિદ્દ નહીં છોડે એવું જ્યારે પત્નિને લાગ્યું ત્યારે પત્નિએ શરાબની લત છોડાવવા એક છેલ્લું શસ્ત્ર ઉગામ્યું. પત્નિએ પોતાનો અંતિમ નિર્ણય જાહેર કર્યો કે જો તેઓ શરાબની આદત નહીં છોડે તો પોતે પણ શરાબ પીવાનું શરૂ કરશે. પત્નિની અંતિમ ધમકીને અભિનેતાએ મજાક માની લીધી અને એ ધમકીની પણ અભિનેતા ઉપર કશી જ અસર ના થઈ. પોતાના ઉગામેલા શસ્ત્રનો પત્નિએ સાચુકલો ઉપયોગ શરૂ કર્યો અને પોતે પણ પતિ સાથે શરાબ પીવાનું શરૂ કર્યું.

અભિનેતાને તો પોતાની સાથે પીવાવાળાનો સાથ મળી ગયો એટલે પોતે પોતાના જામની સાથે પત્નિ માટે પણ જામ ભરવા લાગ્યા. પત્નિ પણ એટલી જ જિદ્દે ચડી હતી એટલે પોતે પણ પતિ સાથે પતિના હાથે ભરેલા જામ મન મૂકીને પીવા લાગી, બેશુમાર પીવા લાગી. સમય વિતતો ગયો એમ બંનેની જિદ્દ ચાલુ રહી અને બંનેનું પીવાનું પણ ચાલુ રહ્યું. છેવટે પરિણામ એ આવ્યું કે એ અભિનેતા પીતા હતા તેનાથી વધારે શરાબ તેની પત્નિ પીવા લાગી.

એક તબક્કો એવો આવ્યો કે એ અભિનેતા બે હાથ જોડીને પત્નિને કાલાવાલા કરતા કે "હવે બસ કર" પણ વાત આગળ વધી ચૂકી હતી એમ પત્નિની આદત પણ આગળ વધી ચૂકી હતી. પત્નિએ પણ પોતાની ના જિદ્દ છોડી ના શરાબ પીવાનું.

સંજોગોના શિકાર બનેલા, પહેલા શરાબ પીવાની, પછી શરાબ ના છોડવાની અને પતિ શરાબ ના છોડે તો પોતે પણ શરાબ પીશે એવી પોતપોતાની જિદ્દ ને કારણે પાયમાલ થઈ ગયેલા એ પતિ-પત્નિ એટલે બીજું કોઈ નહીં પણ 'ભારત'ના ઉપનામથી વિખ્યાત થયેલા અભિનેતા મનોજ કુમાર અને તેમની પત્નિ શશી ગોસ્વામી. જે ઈન્ટરવ્યુમાં મનોજ કુમાર અને તેની પત્નિ વિષેની જે અભિનેત્રીએ માહિતી આપી હતી એ પણ બીજું કોઈ નહીં પણ મનોજ કુમાર સાથે ઘણી ફિલ્મોમાં અભિનય કરનાર એક જમાનાની વિખ્યાત અભિનેત્રી આશા પારેખ.

જ્યાં સંબંધો હોય ત્યાં જિદ્દ હોય જ. બીજી રીતે કહીએ તો એમ કહી શકાય કે જ્યાં સંબંધો હોય ત્યાં જ જિદ્દ હોય. કોઈપણ વ્યક્તિ પોતાના પ્રિયજન સાથે જ જિદ્દ કરતી હોય છે એટલું જ નહીં, પ્રિયપાત્ર જેટલું વધારે પ્રિય એટલી જિદ્દ પણ વધારે હોય છે. બાળક મા સાથે જિદ્દ કરે છે. બહેન ભાઈ સાથે જિદ્દ કરે છે. દિયર પોતાની ભાભી સાથે જિદ્દ કરે છે. પતિ પોતાની પત્નિ સાથે અને પત્નિ પોતાના પતિ સાથે જિદ્દ કરે છે. આમ જ્યાં અંગત સંબંધ હોય ત્યાં જ જિદ્દને સ્થાન હોય. માત્ર વ્યાવહારિક સંબંધોમાં જિદ્દ હોતી નથી. એવી જ રીતે જે વ્યક્તિ સાથે કોઈ પ્રકારના પ્રેમ કે સ્નેહના સંબંધો ના હોય ત્યાં પણ જિદ્દ કરવાનો કોઈ અર્થ નથી રહેતો. જેની સાથે કોઈ જ સંબંધ ના હોય એવી વ્યક્તિ સાથે જો કોઈ જિદ્દ કરે તો એ જિદ્દ પૂરી પૂરી થવાની જ નથી એવી ખાતરી હોય છે. આમ સંબંધોના શૂન્યાવકાશમાં જિદ્દને કોઈ જ અવકાશ નથી હોતો.

(ક્રમશઃ)



થોટ

નટવર આહલપરા

## આજ્ઞાંકિત

**આજ્ઞાંકિતનો સરળ અર્થ એ છે કે, આજ્ઞામાં રહેનારું, હુકમ પ્રમાણે કરવા તત્પર, કહ્યાગરું, વડીલો કહેતા હોય છે કે ખરેખર એમનાં સંતાનો ભારે આજ્ઞાંકિત છે. કોઈ પણ આજ્ઞા માથે ચઢાવે છે.**

**સાંદીપની ઋષિ પાસે ભણેલા કૃષ્ણ, બલરામ અને સુદામા બહુ જ આજ્ઞાંકિત હતા. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન, વિશ્વામિત્ર, વરિષ્ઠના પૂરેપૂરાં આજ્ઞાંકિત હતા. અર્જુનના સારથિ ભલે કૃષ્ણ હતા પણ જયારે અર્જુન નાસીપાસ થયો હતો ત્યારે કૃષ્ણના વેણને અર્જુને આજ્ઞાંકિત બની ઝીલ્યાં છે.**

**આમ તો આજ્ઞાનું મૂળ વિવેકમાં છે. વિનમ્રતાથી માણસ આજ્ઞાંકિત બને છે. રામાયણ, મહાભારત અને ભાગવતમાં આજ્ઞાંકિત શિષ્યોના અનેક પ્રસંગો મળે છે. કેટલાક લોકો આજ્ઞા મળવાથી પોતાની જાન ગુમાવવા પીછેહઠ કરતા નથી. આજ્ઞાનું પાલન કરવું એ તો મોટો સદ્‌ગુણ છે. આજ્ઞાકારી હોવુ ંએ પણ સારા વ્યકતવ્યની નિશાની છે.**

**બાળક, કિશોર, યુવાન, સ્ત્રી-પુરુષ વગેરે બધા આજ્ઞાંકિત બની રહે તો ઘણી સમસ્યા હલ થઈ જાય. કેટલાય આજ્ઞાંકિત લોકો કોઈની પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. કોઈનો પણ પડ્યો બોલ ઉપાડી લેતા હોય છે. આજ્ઞાંકિત વ્યક્તિની પ્રતિભા જ સૌથી અલગ હોય છે. આજ્ઞાંકિત હોવું એ પણ સદ્‌ભાગ્યની નિશાની છે.**

# અભિવ્યક્તિમાં આઝાદી મળતા સ્ત્રી હવે બદલો લેવા આતુર!



જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આપણા દેશની વૈચારિક અને સાંસ્કૃતિક પરપંરામાં જે આજ સુધી મળેલું છે તે મુજબ સ્ત્રીને શક્તિ સ્વરૂપા, ત્યાગ સ્વરૂપા, ઉર્જા સ્વરૂપા માનવામાં આવે છે. જયાં નારીનું સન્માન થાય ત્યાં દેવતાઓનો વાસ હોય છે. જન્મદાત્રી મા દુનિયામાં એક જ હોય અને જન્મ આપીને જતન કરનાર માતા સો શિક્ષકોની ગરજ સારે છે. જે હાથ પારણું ઝૂલાવે એ જગત પર શાસન કરી શકે છે. ટૂંકમાં મહિલાઓ એ ઊર્જાનો મહાસાગર છે. જેના વિના વિશ્વ અને પુરુષ પણ અધૂરો છે. નારી બધુ જ સહન કરવા સક્ષમ હોય છે તે ઝંખે છે કે માન અને દિલનો સાચો પ્રેમ !

દીકરી એ ઈશ્વરનું વરદાન છે ઘરના આંગણાનો તુલસી કયારો છે ! દીકરીઓ ભણી ગણીને હવે ખૂબ અગ્રેસર બનતી જાય છે. નારી સન્માનને ઠેસ પહોંચાડવી એ ઈશ્વરના અપમાન તૂલ્ય છે તેમ છતાં જીવનની વ્યવહારિક સચ્ચાઈઓમાં જે સમસ્યાઓ ઉત્પન્ન થાય છે તેમાં નારી મહંદશે કોઈને કોઈ પ્રકારે પાયામાં જોવા મળે છે. જેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવા જેવું છે. આ પ્રકારના ચિંતનમાં જે કોઈ મુદ્દાઓ રહેલા છે તેના વિશે વાત કરવી છે. કારણ કે આજે વિભક્ત પરિવાર થઈ ગયા છતાં ગૃહકંકાશ, ઝઘડા, કલેશ, આપઘાત વગેરે ચાલુ રહ્યા છે. અને પ્રત્યેક પરિવારમાં શાંતિ નથી ત્યારે આવું શા માટે છે તે સમજવું આવશ્યક છે. દીકરી પારકી થાપણ કહેવાય છે જે પોતાના પરિવારમાં ઉછરીને વયસ્ક થતા કોઈના ઘરમાં પુત્રવધુ થઈને જતી રહે છે એટલે તેના જીવનના બીજા ભાગમાં એ પ્રસ્થાન કરે છે આ તબક્કો વેદના કારક હોય છે. દીકરી માટે અને તેના પરિવાર માટે પણ !! દીકરી ઉંમરલાયક થાય ત્યાં સુધી એવી જ વાતો સમજાવાય છે કે તારું સાચું ઘર તો સાસરિયામાં છે અને પતિ તારું જીવનનું સત્ત્વ છે. આટલા માટે દીકરી બધુ સહન કરવા માનસિક રીતે સજ્જ થઈ જતી હોય છે. દીકરીની વિદાયથી વધુ વેદનાવાળી ઘટના કોઈ પણ હોતી નથી. કાળજાના ટૂકડાનો છોડવો પડે છે!!

મહિલાઓ માટે પરિણય એ લાઈફનો યુ-ટર્ન હોય છે. અને લગ્ન જીવન એ પોતાના પરિવાર માટેની સમાજે ગોઠવેલી સ્વીકૃત પ્રથા છે. અને તેથી જ સાસરિયાંમાં જઈને દીકરી પુષ્કળ બાબતોને હૈયામાં રાખીને પારકાને પોતાના બનાવવા માટે જીવન શરૂ કરે છે પતિનો સ્વભાવ, ઈચ્છા, નિર્ણયો, ગમા-અણગમા વગેરેને શિરોમાન્ય રાખીને તે જીવન જીવે છે અને સમય જતા એ માતૃત્વ પામે છે એ સ્થિતિ બાદ જવાબદારીઓ અને ગૃહકાર્યો વધી જાય છે. સંતાનો ને મોટા કરવા, પતિ અને અન્ય પરિવારના સભ્યોને રાજી રાખવામાં જીવન ખર્ચાતુ રહે છે અને આ ઉંમરમાં સ્ત્રી પોતાની મરજી મુજબ જીવન જીવી શકતી નથી કેમ કે અન્યનું ધ્યાન રાખવામાં જ એ વ્યસ્ત રહે છે ! દાંપત્ય જીવનના આ મધ્ય તબક્કામાં યુગલની સ્થિતિ આ શૅરમાં વ્યક્ત થાય છે.

વો બોલતે રહે હમ સુનતે રહે
જવાબ આંખો મેં થા વો હોઠો મેં ઢૂંઢતે રહે.

પારિવારિક સુખ આબરૂ અને સંપ માટે વિચારીને બધુ જ મનથી સ્વીકારીને જીવતી નારી જયારે પ્રૌઢાવસ્થામાં પ્રવેશે છે ત્યારબાદ એક ભૂકંપ તેના દિલોદિમાગમાં શરૂ થાય છે. અને એ વખતે શારીરિક પરિવર્તનો પણ આ પ્રક્રિયામાં ખુબ નકારાત્મક ભૂમિકા ભજવે છે કુલ મળીને એ મહિલાને બદલા લેવાની વૈચારિક ભૂમિકા તરફ ધક્કો મારે છે. એટલે સ્ત્રીનું જીવન, શૈલી, અભિગમ, ભાષા, વર્તન વગેરેમાં પુષ્કળ બદલાવ આવી જાય છે અને ત્યાર બાદ પતિ પરમેશ્વરની વાતો પોથી માંહેલા રિંગણા જેવી લાગવા માંડે છે અને પતિએ જ સ્વયંના જીવનનું અમૃત લૂંટી લીધું હોય તેવું મહેસૂસ કરવા લાગે છે. માસિક ધર્મ ચક્ર બંધ પડે ત્યારબાદ પુષ્કળ મહિલાઓ તેની અસરમાં હેરાન-પરેશાન થઈ જાય છે અને એ જ સમયગાળામાં મહિલા બદલાની વૃત્તિથી જીવનને આગળ ધપાવે છે, પોતાની જીવવા લાયક જિંદગીને બીજા માટે ઢાળી, પેશ કરી, મનોવેદના વેટી એ તમામ બાબતોનો બદલો એ પોતાના જીવનસાથી પાસેથી લેતી થઈ જાય છે !

પરિવારના પ્રશ્નોમાં આર્થિક સક્ષમતા તો સર્વ સામાન્ય હોય છે પરંતુ જીવનમાં સ્નહની કડી જ સર્વ - એ હકીકતમાં વ્યક્તિ પોતાના જીવનસાથીના બદલાયેલા વર્તનથી નિરાશ થઈ જાય છે. આ આખી બાબતને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવાની વાત છે. સ્ત્રી ત્યાગની મૂર્તિ છે એ સ્વીકૃત છે પરંતુ ઘણા મોટા કિસ્સાઓમાં અભિવ્યક્તિની આઝાદી મળતા હવે મહિલાઓ બદલો લઈ હિસાબ ચૂકતે કરવાનાં પ્રયાસોમાં મગ્ન થઈ રહી છે. સાસુ-સસરા પણ સમય જતાં વૃદ્ધ થાય ત્યારે એ લોકો પણ આ પ્રકારનાં અભિગમના શિકાર થાય છે અને પતિને નથી ઘર ત્યજી શકાતુ કે નથી જીવનસાથીને એટલે જીવન ભારરૂપ પણ સ્વીકારવું જ પડે એ હાલતમાં જીવન આગળ વધે છે. મોટા ભાગનાં પુરુષો પંચાવન વર્ષની આસપાસ પહોંચતા મૌનમાં સરી પડે છે, ચર્ચા ગમતી નથી, વિવાદ ગમતા નથી. ઉર્વિશ વસાવડાનો સુંદર શૅર સમજવા જેવો છે.

હું સમજણની પાર સમજણ શોધવા મથતો રહ્યો
ઝાંજવા ને માણવા રણ શોધવા મથતો રહ્યો
હું કદી સમજી શક્યો ના જે પીડાના મૂળને
એ જ પીડાનું નિવારણ શોધવા મથતો રહ્યો

આજની નારી શિક્ષીત છે સક્ષમ અને ચતુર છે એ પુરુષ સમોવડી બની ગઈ છે પરંતુ નારીનું નારી રહેવું એ ઈશ્વરની કૃતિનો હિસ્સો છે અર્થાત્ જીવનમાં અંતિમ પડાવના તબક્કામાં પણ પ્રેમનો દરિયો દિલથી વણવતી રહે તેમાં જ એની સાર્થકતા છે નહીં કે પરિવારને પામર કરી દેવામાં - આ કડવી સચ્ચાઈ છે જેમા સુધારણા થવી એ સામાજિક સુખ કહી શકાય.

**શેર આસ્વાદ :**
**મજબૂતી કેવી ડાળની બટકીયે ના શકે**
**એના ખરેલા પાનને અડકીયે ના શકે.**